## બહુમુખી કલાકાર પ્રતિભા સ્વ. જગદીપ વિરાણીની જન્મજયંતિ નિમિત્તે 'સાતકલા' પરિવારનું અનોખું સ્નેહમિલન.

ભાવનગરના અનન્ય, બહુવિધ પ્રતિભા ધરાવનાર કલાકાર સ્વ. જગદીપ વિરાણી માત્ર ૩૯ વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવીને ઇ.સ. ૧૯૫૬માં અવસાન પામ્યા હતા. આટલાં અલ્પ આયુષ્યમાં તેમણે ૨૦૦ થી ૨૫૦ ઉચ્ચ કોટિનાં જળરંગી ચિત્રો દોર્યાં, શાસ્ત્રીય વાદનમાં પ્રભુત્વ મેળવ્યું અને ભારતના લગભગ તમામ રેડિયો સ્ટેશનોએથી કાર્યક્રમો આપ્યા. સહેલાઈથી યાદ રહી જાય અને ફરીફરીને સાંભળવાં ગમે તેવાં ૨૫૦ થી ૩૦૦ ગીતો લખ્યાં. તેમનો શિષ્યવર્ગ અને ચાહકવર્ગ ઘણો મોટો. 'સાતકલા' પરિવાર તરીકે ઓળખાતા એ ચાહકોએ ડીસેમ્બર માસમાં સ્વર્ગસ્થ કલાકારની ૭૯મી જન્મતિથિ અનોખી રીતે ઉજવી. સૌ સભ્યોનું કુટુંબ સાથે સ્નેહમિલન યોજ્યું. બે દિવસ સાથે રહેવું, જમવું, ગાવું, નૃત્ય કરવું, જૂની કેસેટોમાં સંગ્રહાયેલ સંગીતનું શ્રવણ કરવું, આવી અનોખી રીતે આ કાર્યક્રમ થયો. સ્વ. જગદીપ વિરાણીને ભાવપૂર્ણ અંજલિ આપવામાં આવી. પ્રવચનો દ્વારા નહીં, કલા પ્રયોજન દ્વારા અપાયેલી આ ભાવાંજલિમાં સાતકલાની આગવી મુદ્રા હતી. સ્થળ પસંદગી, મંચ સજાવટ, ઉદ્ઘોષણા, ગાન કે વાદ્યવૃંદ જેવી બધી વિગતોમાં શાંત સૌંદર્ય નીતરતું હતું. તેમાં આયોજકોની અને વિશેષ ઉલ્લેખ કરીએ તો સ્વ. જગદીપ વિરાણીના ભાઈ હસમુખ વિરાણીની વિશેષ દૃષ્ટિ જોઈ શકાતી હતી. 'સાતકલા' પરિવારનું સ્નેહમિલન પણ આવું કલારુચિનું દ્યોતક હોઈ, નિજાનંદ માટે સતત બે દિવસ ચાલેલા આ કાર્યક્રમમાં આ લખાણના લેખક અને તેમના જેવા અન્ય કલાપ્રેમીઓને સાક્ષીભાવે હાજર રહેવાનો લાભ મળ્યો ને સૌએ ધન્યતા અનુભવી.

આ શુભ અવસરનું સંકલ્પબીજ તો એમ હતું કે ભાઈ ઉમાકાન્ત મહેતા જે સ્વ. જગદીપભાઈના શિષ્ય અને 'સાતકલા' સંસ્થા જે મકાનમાં ચાલતી હતી તેના મકાન માલિક; પાંચેક વર્ષ પૂર્વે સાતકલા સંસ્થાએ તે જગ્યાનો કબજો સરળતાથી ઉમાકાન્તભાઈને સોંપ્યો ત્યારે ઉમાકાન્તભાઈએ સંકલ્પ કર્યો હતો કે સહુના પ્રેમાળ ગુરુ પૂ. જગદીપભાઈ પ્રત્યેના આદરભાવના પ્રતીકરૂપે મુ. લીલા ભાભીને ફૂલ નહિ તો ફૂલની પાંખડી એવી કંઈક ભેટ આપવી. આમ રૂ. ૧૧૧૦૧/- ની રકમનો ચેક અર્પણ કરવાના વિધિને નિમિત્ત બનાવી ભાઈ ઉમાકાન્ત પરિવાર અને અન્ય જૂના સભ્યોના સહકારથી પ્રસ્તુત સ્નેહમિલન અને વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બે દિવસમાં સવાર, બપોર, સાંજ, રાત્રિ દરમિયાન જુદા જુદા કાર્યક્રમો થયા. દિવંગત સાથીઓને અંજલિ આપવામાં આવી. ભાવવિભોર થઈ જવાય તેવાં સંસ્મરણો કહેવાયાં. વર્ષોથી દૂર પડી ગયેલા અને ત્યારબાદ નવા જોડાયેલ કલાકાર/કાર્યકરોનો પરસ્પર પરિચયવિધિ થયો.

સ્વ. જગદીપભાઈના અવસાન પહેલાંના વર્ષોમાં નાની વયના કલાકારોએ તૈયાર કરેલ અને નૃત્યનાટિકા 'પ્રકાશ છાયા' અને એકાંકી 'દેવસ્મિતાનું' ધ્વનિમુદ્રણ સાંભળીને અતીતની યાત્રા કરવામાં આવી.

પ્રથમ દિવસે સર્વશ્રી જ્યોતિબહેન, બટુકભાઈ, નીનીભાઈ, સોહિણીબેન, સરયુબેન, દેવાંગનાબહેન, ભાર્ગવભાઈ, જયંતભાઈ, પિનાકીનભાઈ મહેતાએ સ્વ. જગદીપભાઈનાં ચૂંટી કાઢેલાં વીશેક ગીતો ગાયાં. કેટલાંક વ્યક્તિગત રીતે, કેટલાંક દ્વન્દ્વગીત તરીકે અને કેટલાંક સમૂહગીત તરીકે ગવાયાં. ગીતને વધુમાં વધુ સુંદર રીતે રજૂ કરવાનો પ્રયત્ન હતો. જે ગીત જે સ્વરૂપે રજૂ કર્યું ઉચિત જણાય તે જ રીતે રજૂ કરવાનો પ્રયાસ હતો જેથી ગીતના શબ્દો, તેમાં રહેલો ભાવ, સ્વરાંકન વગેરેને ઉઠાવ મળે અને તેનો એકંદર પ્રભાવ જળવાઈ રહે તેવો પ્રયત્ન હતો. ગાનારનું વ્યક્તિત્વ અને રિધમનું બેકગ્રાઉન્ડ ગીતમાં ઓગળી જાય, સમરસ થાય, સૂર અને શબ્દનું સુંદર સમાયોજન થાય અને એક નિતાંત ગીત રાત્રિની નીરવ શાંતિમાં, ઝાંખા પ્રકાશવાળા અંધકારમાં, ઊંચી કક્ષાના એપ્રીસીએટીવ ઓડીયન્સ પાસે આકાર ધારણ કરે તેવો એ અભિવ્યક્તિ-આયામ હતો. અને તેથી જગદીપભાઈના કાવ્યને અને કે સંગીતને એટલે કે કલાકૃતિને સુચારુ રૂપે ન્યાય આપતો હતો.

જગદીપભાઈનું અત્યંત જાણીતું ગીત 'મને મનગમતું ગીત આજ ગાવા દે ને....' નીનીભાઈના કંઠે સાંભળવું ગમ્યું. ગીતનો અસલ ઠાઠ સાચવીને એટલી સરસ રીતે રજૂ થયું કે સામે સ્ટેજની બાજુમાં મૂકેલી સ્વ. જગદીપભાઈની છબી, ગીતનો લય અને વાતાવરણની પ્રસન્ન મધુરતા, બધું એકરૂપ બની મનઃચક્ષુ સામે જાણે જગદીપભાઈના કંઠે આ ગીત રજૂ થયું હોય તેવી ભાવાનુભૂતિ કરાવી ગયું. જગદીપભાઈને જેમણે જોયા છે, સાંભળ્યા છે તે જાણે છે કે તેમનો ચહેરો સતત હસતો રહેતો અને ગાતી વખતે તેમનું વ્યક્તિત્વ અનોખો થનગનાટ વ્યક્ત કરતું.

જગદીપભાઈના સુમધુર વ્યક્તિત્વનો સંસ્પર્શ પણ આજે આ ગીતના પુનઃસર્જનમાં અનુભવાયો.

ગુજરાતી સુગમ સંગીતમાં કાવ્ય અને ગીતનો સુભગ સમન્વય સાધતી રચનાઓ અંગે ઘણીવાર ફરિયાદનો સૂર પ્રગટ થયો છે. આ ફરિયાદને દૂર કરવાના સનિષ્ઠ પ્રયત્નો વિવિધ દિશાઓમાં થયા છે. સર્વશ્રી અજિત શેઠ, નીનુ મઝુમદાર, રાસબિહારી દેસાઈ, પુરુષોત્તમ ઉપાધ્યાય, ક્ષેમુભાઈ દિવેટીયા જેવા ધુરંધરોએ આ માટે ખાસ પુરુષાર્થ કર્યો છે. સ્વ. જગદીપ વિરાણીએ તેમની યુવાનીમાં પોતાની કલાપ્રતિભાના સહજ સ્પર્શથી કેવળ ભાવસભર કાવ્ય અને ગીતનું અપૂર્વ ઐક્ય સિદ્ધ કર્યું હતું. તેમની રચનામાં પ્રકૃતિનાં સુંદર ચિત્રો રજૂ થાય. શબ્દોની પસંદગી એવી કે જેમાંથી સ્વયં સંગીત ઉદ્ભવે. તેથી ગુજરાતના ગુણજ્ઞ કાવ્ય રસિકો અને ગીત રસિક વર્ગને કંઠે જગદીપભાઈની આ રચનાઓ દીર્ઘ સમયથી સચવાઈ રહી છે. સૌરાષ્ટ્ર-ગુજરાતની બહેનોના ગળામાં જગદીપભાઈના રાસ અને ગીતો ગુંજી રહ્યા છે. "ડોલરિયો", "પૂનમરાત," અને "હિમરેખા" એમ ત્રણ કાવ્ય સંગ્રહોમાં જગદીપભાઈના રાસ અને ગીતો પ્રસિદ્ધ થયાં છે. ગુજરાતી કુટુંબોમાં ફરીથી આ ગીતો ગૂંજતાં કરવાં જોઈએ.

પ્રથમ દિવસની રજૂઆતમાં સોહિણીબેનનાં વ્યક્તિગત ગીત તેમ જ નેનીભાઈ સાથેના યુગલગીત સારી રજૂઆત પામ્યા. કાર્યક્રમના અંતમાં શ્રી પિનાકીન મહેતાએ બે રચના રજૂ કરી. "સાંજ ઢળીને" તથા "તું શાને ગઈ ચાલી" ગીતો ગાયાં. શ્રી. પિનાકીન મહેતાનો અવાજ/કંઠ અને શાસ્ત્રીય સુર આધારે રજૂ થતી તેમની સુગમ ગાયકી, શુદ્ધ શબ્દોચ્ચાર ગુજરાતી સુગમ સંગીતનું ઘરેણું છે. ગુજરાતી કવિતાને પિનાકીન મહેતાના કંઠે રજૂ થતી સાંભળવી તે સંગીત/કવિતાના ચાહકો માટે જીવનની ધન્ય પળો છે. ગીતની શરૂઆત કરતાં પહેલાં સારેગમ બોલીને વાતાવરણ બાંધી સમગ્ર શ્રોતા વર્ગને ક્ષણાર્ધમાં પિનાકીનભાઈ એક જુદા પ્રદેશમાં લઈ જાય છે અને પછી કાવ્યગાન દરમિયાન સૂક્ષ્મ ખૂબીઓ વાળી કંઠ કરામતનો મધુર આસ્વાદ કરાવે છે. ગાનાર અને સાંભળનાર રજૂઆત પામતી રચનામાં તદાકાર થઈ જાય છે. તેમની રજૂઆત સમયે વિડીયો/ફોટોગ્રાફ લેવા જેવા વિક્ષેપો ઘણા થવા દીધા ન હોત તો ઉચિત હતું. પિનાકીનભાઈનો

અવાજ, શબ્દોચ્ચાર, સારેગમ અને શાસ્ત્રીય સંગીતરંજિત ગાયન રીતિ સીધાં હૃદયને સ્પર્શે છે અને ભાવતન્મયતા સિદ્ધ થાય છે. સંગીત-સાધનાનો મર્મ અહીં તાદૃશ્ય બને છે. સ્વ. જગદીપભાઈનાં ગીતો પિનાકીન મહેતાના કંઠે રજૂ થતાં સાંભળી એમ લાગ્યું કે ગઈકાલની એક પ્રતિભા આજની એક પ્રતિભા દ્વારા પુનઃસર્જન પામે છે.

૧૭ મી ડીસેમ્બર સ્વ. જગદીપભાઈની ૭૯ મી જન્મજયંતીનો દિવસ હતો. વહેલી સવારથી સ્વ. જગદીપભાઈના ચાહકો અને પરિવારજનો કાર્યક્રમને સ્થળે આવી પહોંચ્યા હતા. ધૂપ, અગરબત્તી, ફૂલોની સુવાસ અને સ્વ. કલાકારની છબી પાસે ઝળહળી રહેલી જ્યોત વાતાવરણને ભરી દેતી હતી. સૌએ સ્વ. જગદીપભાઈની છબીને ભાવપૂર્વક ફૂલહાર, વંદન કર્યાં. ત્યારબાદ શ્રી. નેનીભાઈએ જાણે કે સ્વ. કવિજીવને ફરી અવતરવા વિનંતી થતી હોય તેવા ભાવવાળી સ્વ. કવિની જ રચના 'હે મહાન ગાયક તું આવ આવ !' અત્યંત ભાવવાહીરીતે રજૂ કર્યું. જગદીપભાઈના મોટા પુત્ર કમલ વિરાણીએ મેન્ડોલીન ઉપર રાગ કિરવાણી રજૂ કર્યો. વિસ્તૃત આલાપચારી અને મધ્યલયમાં રજૂઆત કરીને વાતાવરણને તરબતર કરી દીધું હતું. ભાઈ ભાર્ગવ પંડ્યાએ હવાયન ગીટાર ઉપર આહિર ભૈરવ રજૂ કર્યો હતો. છેક મધ્યપ્રદેશથી આવેલા શ્રી. વિઠ્ઠલરાવ હરણેએ ભાવવાહી સ્તુતિ રજૂ કરી હતી. આમ સવારની બેઠક ઉચ્ચ કક્ષાના શાસ્ત્રીય સંગીતથી સમૃદ્ધ બની હતી.

બપોરની બેઠકમાં ભૂતકાળની સ્મૃતિ તાજી કરાવતું કેસેટશ્રવણ થયું હતું. તે જ દિવસે સાંજના શ્રી. ઉમાકાંત મહેતાનો સંકલ્પપૂર્તિનો કાર્યક્રમ થયો. સમારંભમાં અધ્યક્ષસ્થાને આચાર્ય શ્રી જ્યોન્દ્રભાઈ ત્રિવેદી હતા. અતિથિવિશેષ તરીકે આચાર્ય શ્રી તખ્તસિંહ પરમાર હતા તથા જાણીતા ચિત્રકાર શ્રી. ખોડીદાસ પરમારની પણ વિશેષ ઉપસ્થિતિ હતી. શ્રી. ખોડીદાસભાઈએ જગદીપભાઈની ચિત્રકલાનું મૂલ્યાંકન કર્યું. શ્રી. તખ્તસિંહ પરમારે જગદીપભાઈને કવિ તરીકે મૂલવ્યા. તેમણે જગદીપભાઈના જુદાજુદા ગીતોનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે તેમની આ ગીત રચનાઓ એવી સુગમ છે, એવી સ્મરણીય છે કે આજે તેમના અવસાન પછી ૪૦ વર્ષે પણ ગવાય છે અને હજુ ગવાતી રહેશે. કવિ આ રીતે અમર છે. ખોડીદાસભાઈએ જગદીપભાઈના જલરંગી ચિત્રોની વિશિષ્ટતા અંગે વાત કરી હતી અને એમ કહ્યું હતું કે આ ચિત્રો અંગે એક પુસ્તક તૈયાર થઈ શકે. ભાઈ ઉમાકાંત મહેતાએ આ સૂચન પરત્વે પોતાનો પ્રતિભાવ તત્કાલ વ્યક્ત કરતાં જાહેર કર્યું હતું કે પોતે જગદીપભાઈની ૮૦ મી જન્મ-જયંતી પહેલાં આવો ગ્રંથ તૈયાર કરી આપશે. સ્વ. જગદીપભાઈના

તીર્થ સ્વરૂપ પદ્મશ્રી લીલાબહેનને સાધના ઉમાકાન્ત મહેતાએ રૂ. ૧૧૧૦૧/- ની રકમનો એક અર્પણ કર્યો હતો અને તેમના વતી તેમની પુત્રવધૂ હેમાબહેને જાહેર કર્યું હતું કે આ રકમ તેઓ સ્વ. કલાકારને પ્રિય એવી કલા વિષયક પ્રવૃત્તિઓ માટે અનામત રાખશે. ભાવનગરની જાણીતી સંસ્થા શિશુવિહારના સ્થાપક શ્રી. માનભાઈ ભટ્ટે પોતાના તરફથી રૂ.૧૦૦૦/- તેમાં ઉમેર્યા હતા. સમર્પણવિધિ કાર્યક્રમનું સમાપન ઉમાકાન્ત-સાધના મહેતાની પુત્રી અર્ચિતાના ભરત નાટ્યમ્ નૃત્ય નિદર્શનથી થયું હતું. આ સમ્મેલન નિમિત્તે ખાસ દિલ્હીથી આવેલ અર્ચિતાએ ભરતનાટ્યમ્‌નું શુદ્ધ સ્વરૂપ જોવાની ભાવનગરની પ્રજાને તક પૂરી પાડી હતી. કુ. અર્ચિતાએ સ્વ. જગદીપભાઈ પ્રત્યેના પોતાના આદરભાવના પ્રતીક તરીકે તેમની એક ગુજરાતી ગીત રચનાને બહુ સૂઝપૂર્વક ભરત નાટ્યમ્‌માં અનુદિત કરી બતાવી હતી. અધ્યક્ષસ્થાનેથી શ્રી. જયેન્દ્રભાઈ ત્રિવેદીએ સ્વ. કલાકારની કલા પ્રતિભા અને તેમના વિશિષ્ટ પ્રદાનને મૂલવ્યાં હતાં.

આ બીજા દિવસની રાત્રિના સંગીત કાર્યક્રમમાં આગલા દિવસથી પણ વધુ સંખ્યામાં શ્રોતાજનો સમયસર ઉપસ્થિત રહ્યા હતા અને સભાખંડમાં તસુ પણ જગ્યા બચી ન હતી. કુલ ૨૩ રચનાઓ રજૂ થઈ હતી. વિરાણી-કુટુંબના સભ્યો, સાતકલા પરિવારના અન્ય મહેમાન કલાકારો તથા ઉગતી પેઢીના યુવાન કલાકારો દ્વારા બીજા દિવસનો કાર્યક્રમ રજૂ થયો. કુ. દેવાંશી વિરાણીના નૃત્ય પછી સર્વશ્રી ઉત્પલ પંડ્યા, કલા જોષી, ભરત વિરાણી, કુ. ઉમંગી ઓઝા, કુ. જ્યોતિ હાથીકારિયા, સૌ. જયશ્રી ભટ્ટ, ~~ખ્યાતિ~~ સૌ. ખ્યાતિ મહેતા, સૌ. અંજના નીતિન ભટ્ટ, દિપક મહેતા, નંદુભાઈ કાણે, કર્મવીર મહેતા, દેવેન્દ્રભાઈ પટ્ટણી તથા ઉષાબેન પટ્ટણી, શ્યામલ મહેતા, પ્રજ્ઞા ભટ્ટ, નવીનભાઈ વિરાણી, રોહિણીબેન ભટ્ટ, રેખા વિરાણી, અને પિનાકીન મહેતા, કમલ વિરાણી વ. કલાકારોએ સંગીતાંજલિ અર્પણ કરી હતી.

એ વાત ઉલ્લેખનીય છે કે અમદાવાદથી ખાસ આ પ્રસંગે આવેલા દેવેન્દ્રભાઈ પટ્ટણી તથા ઉષાબેન પટ્ટણી અમદાવાદમાં પોતાના સંગીત શિક્ષણ આપવાના કાર્ય દરમિયાન જે વિદ્યાર્થીઓ સંગીત શીખવા

આપે તેમને પહેલું ગીત તેઓ જગદીપભાઈનું શીખવાડે. સ્વ.જગદીપભાઈ પ્રત્યેનો પ્રેમાદર તેઓ આ રીતે વ્યક્ત કરે છે. અહીં તેમણે "હારે હારે દૂર ચાલી મારી નાવ," અને "ધન ઘેરી વાદળી" ગીતો રજૂ કરીને ભાવપૂર્ણ અંજલિ અર્પણ કરી. તેમની ગાવાની ~~[illegible]~~ ઢબ સોલંકી પરિવારના સહયોગથી નોખી તરી આવતી હતી. શ્રોતા વર્ગને સ્પર્શી હતી.

જગદીપભાઈની બે અત્યંત જાણીતી અને ખૂબ ગવાતી રચનાઓ - "મને યાદ ફરી ફરી આવે" તથા "વિરહના પગથારે" નવોદિત કલાકારો સર્વશ્રી ઉત્પલ પંડ્યા અને કર્મવીર મહેતાના કંઠે રજૂ થઈ. આમ ૪૮ વર્ષ પૂર્વેનાં અત્યંત પ્રસિદ્ધિ પામેલાં જગદીપભાઈનાં ગીતો એ જ ઢાળમાં આજના નવદીક્ષિતો દ્વારા રજૂ થતાં એક સુંદર સમન્વય દ્રષ્ટિગોચર થયો. નવી-જૂની પેઢીનું કોઈ અંતર નહિ! એક અપૂર્વ કલા સાતત્ય સર્જાયું! જાણે કે આ સ્નેહમિલનમાં જૂની પેઢીનો સંસ્કારવારસો નવી પેઢી પ્રસન્ન આતુરતાથી ગ્રહણ કરતી હતી! તમામ કલાકારોની રજૂઆત સુંદર હતી. વાદ્યવૃંદનો સહયોગ પ્રમાણસરનો હતો. કાર્યક્રમના સમાપનમાં વળી બે ગીત પિનાકીન મહેતા દ્વારા. તેમની પ્રભાવક રજૂઆતથી શ્રોતાવર્ગ મંત્રમુગ્ધ બન્યો હતો. રાત્રિના ૧૨ થયા હતા, સમગ્ર ખંડ શ્રોતાવર્ગથી ભરેલો હતો. નીરવ શાંતિમાં, અને બિલકુલ ઓછા પ્રકાશમાં પિનાકીનભાઈના કંઠને સૌએ તલ્લીન થઈ માણ્યો હતો. સમગ્ર વાતાવરણ તેમના ~~[illegible]~~ શબ્દો અને સૂરો થી સમૃદ્ધ બન્યું હતું. સૌએ ઊભા થઈને તાળીઓથી તેમના ગાનને બિરદાવ્યું હતું. વાતાવરણ એવું હતું કે ત્યારપછી કશું રજૂ થઈ ન શકે.

પણ થયું! અને તે ય એટલું જ આસ્વાદક બન્યું. શ્રોતા વર્ગના આગ્રહને માન આપી ભાઈ કમલ વિરાણીએ મેન્ડોલીન પર ભૈરવી રજૂ કર્યો. સ્વ. જગદીપ વિરાણી અત્યંત સુંદર રીતે મેન્ડોલીન વગાડતા. તેમને મેન્ડોલીન વગાડતા સાંભળવા તે અપૂર્વ લ્હાવો ગણાતો હતો. આજે તેમના પુત્ર કમલની મેન્ડોલીન વાદન-

અંજલિ આમ સર્વથા ઉચિત હતી. એટલે જ ઊંચાઈ વાળી તેમની શરૂઆત હતી. ભાઈ કમલ નાની વયથી મેન્ડોલીન પર ખૂબ સુંદર પ્રભુત્વ કેળવે છે. પિતાના કલાવારસાને દિપાવે તેવું તેનું વાદન છે. શ્રોતાવર્ગની તેણે યોગ્ય દાદ મેળવી. બીજા દિવસનું સમગ્ર સંચાલન પ્રો. ચિત્તરંજન ભટ્ટ દ્વારા થયું હતું.

બે દિવસ સતત સાથે રહી સ્વ. જગદીપભાઈની સ્મૃતિ પુનર્જીવિત કરી સહુ સભ્યોએ સાર્થકતાનો અનુભવ કર્યો હતો. આ પ્રસંગે સ્વ. જગદીપભાઈના શિષ્ય અને હવે જાણીતા ચિત્રકાર શ્રી. ઉમાકાન્ત મહેતાએ સ્વ. કલાકારના પરિવારને રૂા.૧૧૧૦૧/- નો ચેક અર્પણ કર્યો હતો. કેટલાક સ્તુત્ય સંકલ્પો પણ થયા. તે પૈકી ઉલ્લેખનીય સંકલ્પ એ કે 'સ્વ. જગદીપ વિરાણી' એક બહુમુખી પ્રતિભા તથા 'સાતકલા' સંસ્થાના સંસ્મરણો એવું પુસ્તક તૈયાર કરી પ્રસિદ્ધ કરવું. સ્વ. જગદીપ-ભાઈના ગીતો ઘેર ઘેર ફરીથી ગૂંજતા થાય તે માટે તેની ઓડિયો કેસેટ તૈયાર કરવી.

'સાતકલા' પરિવારનું આવું સુંદર સ્નેહમિલન ભાવનગરની કલાપ્રેમી પ્રજા માટે એક સંભારણું બની રહેશે. ફરી આવાં મિલનો યોજાય અને દેદીપ્યમાન કાર્યક્રમોની રસલહાણ થતી રહે તેવી શુભેચ્છા પાઠવવી ઉચિત ગણાશે.

૧૯૫૬ની ૨૯મી જુલાઈના રોજ જ્યારે હું મારી બારેક વર્ષની ઉંમરે બાર્ટન લાઈબ્રેરીમાં મેગેઝીનો વાંચતો બેઠો હતો ત્યારે બાર્ટન લાઈબ્રેરીની બીલકુલ સામેના 'સાતકલા'ના બિલ્ડીંગ પાસે લોકોનું મોટું ટોળું એકઠું થયેલું જોઈ હું વિસ્મય પામ્યો હતો. પૂછવાથી પહેલી વખત જાણવા મળ્યું કે જગદીપ વિરાણી સંગીતના વર્ગ લેતાં લેતાં જ હાર્ટએટેકથી મૃત્યુ પામ્યા છે. મારે માટે તેમ સૌ માટે અવાક્ થઈ જવાય તેવી દુઃખદ ઘટના

હતી. જગદીપભાઈના પ્રસન્ન ચહેરાને હવે માત્ર સ્મૃતિમાં સંઘરી લઈ મન વાળવાનું હતું. પહેલીથી ભાઈ કમલ, બહેન રોહિણી, બેનીભાઈ વગેરે 'સાતકલા'માં જતાં-આવતાં હોય. હું તેમને દિવાનપરા રોડ પરના મારા મકાનમાંથી કે બાર્ટન લાઈબ્રેરીના પગથિયેથી ઊભો ઊભો જોઉં. આ સ્મરણો આજે ય એવાં જ તાજાં છે. 'સાતકલા'નો સક્રિય સભ્ય હું ક્યારે ય બની શક્યો નહિ. હંમેશાં શ્રોતાવર્ગમાં રહી છાને ખૂણે 'સાતકલા'ની પ્રત્યેક વિશિષ્ટ કલા-અભિવ્યક્તિને માણતો રહ્યો. આમ, 'સાતકલા'ના સૂર અને શબ્દ મારે માટે 'ન વિસરાતા સૂર' બની રહ્યા. સ્વ. જગદીપભાઈને 'સાતકલા' પરિવારના સક્રિય કલાકારો દ્વારા અપાયેલી આજની અનોખી અંજલિમાં હું નોખો, દૂર રહ્યો રહ્યો મારી ભાવક ચાહકની મૌન સ્મરણાંજલિ અહીં શબ્દરૂપે અર્પણ કરું છું.

- અજય પાઠક.